# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૬ (A) તા.૩૧-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય :** **"સ્વચ્છ સંકલ્પથી સ્વચ્છ સિદ્ધિ " ન્યુ ઈન્ડિયા મુવમેન્ટ (૨૦૧૭-૨૦૨૨) અંતર્ગત તા.૫ મી સપ્ટેમ્બર,૨૦૧૭ના રોજ ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ :** **પ્રાશિનિ/સંકલન/સ્વચ્છતા સિદ્ધિ/૨૦૧૭/૭૨૦૫-૯૬ તા.૩૦/૦૮/૨૦૧૭નો પત્ર.**

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત " સ્વચ્છતાના સંદેશ " ને ખૂબ મોટા સ્તર પર પ્રસરાવવા અને સ્વચ્છતા અંગેના મિશનમાં યુવા વ્યક્તિઓને જોડવા માટે રાષ્ટ્રીય કક્ષાની નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન શિક્ષક દિન - ૫ મી સપ્ટેમ્બરની ઉજવણીના ભાગરૂપે આ સાથેના પરિપત્ર મુજબ વિગતવાર કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં મ્યુનિ. સ્કૂલબોર્ડની તમામ શાળાઓ ભાગ લે તે અપેક્ષિત છે.

જેની વિગતો આ સાથે સામેલ છે. તે મુજબ શાળા કક્ષાએ વિજેતા થયેલ બંને વિભાગના પ્રથમ ત્રણ ક્રમના નિબંધ(કુલ છ નિબંધ) અને પ્રથમ ત્રણ શ્રેષ્ઠ ચિત્રો જે તે ઝોન ઓફિસે તા.૮-૯-૨૦૧૭ના રોજ યાદી બનાવીને રૂબરૂ મોકલી આપવાનાં રહેશે.

આ અંગે વિશેષ માર્ગદર્શન જરૂરીયાત જણાય તો ઝોન એ.ઓ. નો સંપર્ક કરવો.

તા.૩૧-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :-**

**વિષય : બકરી ઈદની રજામાં ફેરફાર કરવા બાબત.**

આથી ઉર્દૂ શાળાઆને જણાવવાનું કે, બકરી ઈદની રજા તા.૦૧-૦૯-૨૦૧૭ અને તા.૦૨-૦૯-૨૦૧૭ નાં રોજ રાખવામાં આવેલ છે. ચાંદમાં ફેરફાર થવાનાં કારણે બકરી ઈદ તા.૦૨-૦૯-૨૦૧૭નાં રોજ આવતી હોવાથી ત્રીજી ઈદ તા.૦૪-૦૯-૨૦૧૭નાં રોજ છે. આથી તા.૦૧-૦૯-૨૦૧૭નાં રોજની રજાને બદલે માત્ર ઉર્દૂ શાળાઓમાં તા.૦૪-૦૯-૨૦૧૭, સોમવારનાં રોજ રજા રાખવામાં આવેલ છે. જ્યારે અન્ય માધ્યમની શાળાઓમાં પરિપત્ર નં.૨૪ તા.૧૫/૬/૧૭ મુજબ તા.૨/૯/૨૦૧૭ ના રોજ રાબેતા મુજબ બકરી ઈદની રજા રહેશે.

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/સ્વચ્છતા સિદ્ધિ/૨૦૧૭/૭૨૦૫-૯૬
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
જુના સચિવાલય, ગાંધીનગર તા. ૩૦/૦૮/૨૦૧૭

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- ''સ્વચ્છ સંકલ્પથી સ્વચ્છ સિદ્ધિ'' ન્યૂ ઇન્ડિયા મુવમેન્ટ (૨૦૧૭-૨૦૨૨) અંતર્ગત તા. ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ ચિત્ર અને નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવા બાબત.

સંદર્ભઃ- (૧) સચિવશ્રી, માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનો તા. ૧૬/૦૮/૨૦૧૭નો પત્ર
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંક નં. પ્રા.શિ.નિ/સંકલન/સ્વચ્છતાસિદ્ધિ/૨૦૧૭/૬૬૧૩-૬૫ તા. ૧૮/૮/૧૭

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મીશન અંતર્ગત **'સ્વચ્છતાના સંદેશ'** ને ખૂબ મોટા સ્તર પર પ્રસરાવવા અને સ્વચ્છતા અંગેના મીશનમાં યુવા વ્યક્તિઓને જોડવા માટે રાષ્ટ્રીય કક્ષાની નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન શિક્ષક દિન - ૫મી સપ્ટેમ્બરની ઉજવણીના ભાગરૂપે નીચેની વિગતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં રાજ્યની તમામ શાળાઓ ભાગ લે તે અપેક્ષિત છે.

૨. આ સ્પર્ધાઓનું આયોજન નીચે મુજબના વિભાગોમાં કરવામાં આવશે.

| ક્રમ | સ્પર્ધાનું નામ | વિભાગ |
|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા | ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે |
| ૨ | નિબંધ સ્પર્ધા | વિભાગ-૧ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે<br>વિભાગ-૨ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે |

3. આ સ્પર્ધાઓ માટેની થીમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | સ્પર્ધાનું નામ | થીમ |
|---|---|---|
| ૧ | ચિત્ર સ્પર્ધા | ''મારા સ્વપ્નનું સ્વચ્છ ભારત''<br>"मेरें सपनों का स्वच्छ भारत"<br>Clean India of my Dreams |
| ૨ | નિબંધ સ્પર્ધા | ''હું સ્વચ્છ ભારત માટે શું કરીશ''<br>"में स्वच्छ भारत के लिए क्या करूँगा/करूँगी"<br>What will I do to make India Clean |

વિદ્યાર્થી જે માધ્યમની શાળામાં અભ્યાસ કરતો હોય તે માધ્યમની ભાષામાં નિબંધ લખવાનો રહેશે.

૪. આ સ્પર્ધાઓમાં રાજ્યની તમામ શાળાઓ ભાગ લે તે અપેક્ષિત છે. સ્પર્ધાઓનું આયોજન શાળાકક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવશે.

૫. દરેક સ્પર્ધામાં (ચિત્ર સ્પર્ધા-ધોરણ ૧ થી ૫ માટે, નિબંધ સ્પર્ધા – ધોરણ ૬ થી ૮ અને ધોરણ ૯ થી ૧૨) પ્રથમ ત્રણ વિજેતા કૃતિઓને શાળા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ યોગ્ય પારિતોષિક આપવામાં આવશે.

શાળા કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ ક્રમના નિબંધ (બંને વિભાગના ત્રણ લેખે કુલ ૬) અને ત્રણ શ્રેષ્ઠ ચિત્રો જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે મોકલી આપવાના રહેશે. શાળા કક્ષાએથી આવેલ એન્ટ્રીઓ પૈકી નિબંધ

અને ચિત્ર સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમની એન્ટ્રીઓ પસંદ કરવા જિલ્લા કલેક્ટરશ્રી એક પસંદગી સમિતિ રચશે. જિલ્લા કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓને ૨જી, ઓક્ટોબર-૨૦૧૭ના રોજ પારિતોષિક એનાયત કરવાના રહેશે.

ઉપર્યુક્ત મુજબ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે માન. અગ્ર સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દ્વારા પસંદગી સમિતિ રચવામાં આવશે. રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં વિભાગ અનુસાર શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરશે. રાજ્ય કક્ષાએ વિજેતા વિદ્યાર્થીઓને ૨જી, ઓક્ટોબર-૨૦૧૭ના રોજ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૬. આ સ્પર્ધાઓમાં એન્ટ્રીઓ આગળની કક્ષાએ મોકલવા માટે નીચે મુજબની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ છે.

| ક્રમ | કક્ષા | સમય મર્યાદા (આગળની કક્ષાએ મોકલવાની) |
|---|---|---|
| ૧ | શાળા કક્ષા | ૫ મી, સપ્ટેમ્બર, ૨૦૧૭ |
| ૨ | જિલ્લા કક્ષા | ૧૧ મી, સપ્ટેમ્બર, ૨૦૧૭ |
| ૩ | રાજ્ય કક્ષા | ૧૫ મી, સપ્ટેમ્બર, ૨૦૧૭ |

૭. રાજ્ય કક્ષાએથી શ્રેષ્ઠ પસંદ થયેલ વિભાગવાર એન્ટ્રીઓ (૩+૩+૩ કુલ ૯) ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધા માટે મોકલી આપવાની રહેશે. રાષ્ટ્રીય કક્ષાએ વિભાગ અનુસાર પસંદ થયેલ પ્રથમ ત્રણ કૃતિઓને તા. ૨ જી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ સ્વચ્છ ભારત મિશનની વાર્ષિક ઉજવણીના ભાગરૂપે પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૮. શાળા કક્ષાએ નિબંધ અને ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓની માહિતી અગાઉની સૂચના મુજબ અત્રેની કચેરીને નિયત સમયમર્યાદામાં મળી રહે તે સુનિશ્ચિત કરવું. આ અંગે આપની કક્ષાએથી નોડલ ઓફિસર નીમવામાં આવ્યા હશે. સદર કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સંકલનમાં રહીને કરવાની રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુજરાત રાજ્ય

નકલ સવિનય રવાના (જાણ સારૂં)

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક-૫/૭, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક-૯/૧, જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર